

રંગ પર્વ - રંગ પર્વની પૂર્વ સંધ્યાએ શહેરના બજારોમાં ખરીદીનો ધમધમાટ જોવા મળતો હતો... બુધવારની મોડીસાંજે શહેરના બજારોમાં પિચકારીઓ તથા હોળીના રંગ ખરીદવા મા-બાપ સાથે ઉમટ્યા હતા... બે વર્ષ બાદ હોળી પર્વનો ઉલ્લાસ શહેરમાં અનુભવાતો હતો... વેપારી આલમમાં પણ ખરીદીના ધમધમાટથી ખુશીની લ્હેર જોવા મળતી હતી... ગુરૂવાર અને શુક્રવારે શહેરની ગલીએ ગલીએ રંગ પર્વની ઉજવણી થશે....

### શનિવારે ગાંધીનગરના કોલવડા ગામેથી

# સુજલામ-સુફલામના રાજ્યવ્યાપી અભિયાનનો મુખ્યમંત્રી આરંભ કરાવશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ૧૯મી માર્ચે સુજલામ સુફલામ યોજના-૩નો રાજ્યવ્યાપી આરંભ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ કોલવડા ગામેથી કરાવશે.

કોલવડા ગામે તળાવને ઊંડુ કરવાની કામગીરીનો આરંભ તેઓ કરાવશે. સુજલામ સુફલામ યોજના અંતર્ગત જિલ્લામાં હાથ ધરવાના કામોને આજે આખરી ઓપ આપી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા કલેક્ટરે આજે આ અંગે જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી.

જિલ્લામાં જળસંચયના કામોને વેગ આપવા તળાવો ઉંડા કરવા પર ભાર મુકવામાં આવ્યો છે. ગત ચોમાસામાં જિલ્લામાં ૨૧ ટકાની ઘટ રહી છે. જિલ્લો પાણીની દૃષ્ટિએ ઓવર એક્સપ્લોઈટેશન કેટેગરીમાં આવે છે. સંત સરોવર પણ ગત ચોમાસા દરમ્યાન ભરાયુ નથી એટલે જિલ્લામાં ભૂગર્ભ જળના સ્તર નબળા ચોમાસાને કારણે નીચે ગયા છે ત્યારે આ વખતે વધુ જળસંગ્રહ થાય તેના પર ભાર મુકવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મનપા અને જિલ્લાતંત્ર કોલવડામાં સંયુક્ત રીતે મુખ્યમંત્રીના કાર્યક્રમનું આયોજન કરી રહેલ છે.

### માર્ગ મકાન વિભાગના કાયમી રોજમદારોને

# નિયમિત પગાર ન ચુકવાતા આંદોલન કરવાની ચિમકી

**વિભાગમાં ફરજ બજાવતા ૩૦૦ જેટલા કાયમી રોજમદારોને તહેવાર ટાંણે હજુ પગાર ચુકવાયો નથી : રોજમદારો માટે ઘર ચલાવાનુ પણ મુશ્કેલ બનતા પ્રબળ આક્રોશ**

ગાંધીનગર તા ૧૬

માર્ગ મકાન વિભાગના ૩૦૦ જેટલા કાયમી રોજમદારોને ફેબ્રુઆરી મહીનાનો પગાર ચુકવવામાં આવ્યો નથી. કારમી મોંઘવારીના દિવસોમાં રોજમદારોને સમયસર પગાર ન મળતા પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. તહેવારોના દિવસોમાં પણ નાના કર્મચારીઓને પગાર ન ચુકવાતા તેમની હાલત દયાજનક બની છે. આ મામલે કર્મચારીઓએ કોર્ટ રાહે લડત આપવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

માર્ચ મહીનો અડધો વીતી ગયો છે. જયારે હોળી ધુળેટીના પર્વ ટાંણે માર્ગ મકાન વિભાગના રોજમદારોને હજુ ફેબ્રુઆરી મહીનાનો પગાર ચુકવાયો નથી. જેના લીધે માર્ગ મકાન વિભાગમાં ફરજ બજાવતા ૩૦૦ જેટલા કાયમી રોજમદારોમાં આક્રોશ પ્રવર્તયો છે. કાયમી રોજમદારોને સમયસર પગાર ન ચુકવાતા તેમની હાલત કફોડી બની છે. છેલ્લા કેટલાક દિવસોથી રોજમદારો અધિકારીઓની ચેમ્બરમાં આંટા મારીને થાકી ગયા છે. પરંતુ કોઈ જવાબ મળતો નથી. આ મામલે વર્ગ -૩ અને વર્ગ -૪ કાયમી રોજમદાર કર્મચારી મંડળના હોદેદારોએ જણાંવ્યા મુજબ બે મહીના અગાઉ ઉતરાયણના પર્વ દરમિયાન પણ આવી સ્થિતિ ઉદભવી હતી. પગાર માટે પણ અધિકારીઓ પાસે કરગરવુ પડે છે. સરકારના તમામ જમીની કાર્યો સંભાળતા કર્મચારીઓ કોઈ પણ જાતની અન્ય અપેક્ષા વગર કામ કરી રહ્યા છે. પરંતુ તેમને નિયત તારીખે પગાર મળતો નથી. જયારે પગાર નિયમિત ન મળતા બેંકો કે ખાનગી પેઢીમાથી લોન લીધી હોય તેવા કિસ્સામાં સમયસર પગાર નહીં થવાથી હપ્તા ચુકવવાનુ પણ આકરુ બની જાય છે. આજના મોંઘવારીના દિવસોમાં આમ પણ ટુંકા પગારમાં ઘર ચલાવાનુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે પગાર પણ નિયમિત સમય મુજબ ન થતા તેમના માટે ઘર ચલાવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. એટલુ જ નહીં પરંતુ દંડ ભરવાની નોબત આવે છે. આ સ્થિતિથી ત્રસ્ત રોજમદારો હવે આંદોલનની રાહે લડત આપવાના મુડમાં છે. જયારે સમયસર ન્યાય નહીં મળે તો કોર્ટ રાહે પણ લડત આપવા તૈયાર થયા છે.

# સેકટરોના આંતરિક માર્ગોની નિભાવણી હવે કોર્પોરેશનના શીરે

**સેકટરોના આંતરિક માર્ગો, લગ્નવાડી, સેકટરોના રંગમંચ અને ઓપન એર થિયેટર કોર્પોરેશનને સોંપી દેવાનો નિર્ણય લેવાયો : પાટનગર યોજના ભવન ટુંકમાં તબદીલ કરવાની પ્રક્રીયા હાથ ધરશે**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ છેલ્લા ઘણાં સમયથી શહેરમાં માળખાગત સુવિધાનો કાર્યભાર સંભાળતા પાટનગર યોજના ભવન હસ્તકની વિવિધ જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવા માટે ગતિવિધિઓ ચાલી રહી હતી. જયારે હવે આ મામલે હાલ સે-૧ થી ૩૦ ના આંતરિક માર્ગો તેમજ લગ્નવાડીઓ અને રંગમંચ કોર્પોરેશનને સોંપી દેવા માટે સરકારે નિર્ણય લીધો છે. આ મામલે પાટનગર યોજના વિભાગના સંબંધિત ડીવીઝનને પણ જરૂરી સુચના આપી દેવામાં આવી છે. જયારે શહેરમાં હાલ પાણી ગટર યોજનાને અનુલક્ષી નવી લાઇન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે ત્યારે આ કામગીરીના અંતે આ સેવા પણ આગામી દિવસોમાં કોર્પોરેશનને સોંપી દેવાશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ એક દાયકાથી વધુ સમયના અંતે મહાનગરપાલિકાની જવાબદારીનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે. અગાઉ ગુડાનો મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકમાં સમાવિષ્ટ કરી દેવાયો છે. જેના લીધે કોર્પોરેશનની હદ પણ વિસ્તરી છે.



ગાંધીનગરમાં માળખાગત સુવિધાઓ પુરી પાડવાની જવાબદારી હજુ પણ પાટનગર યોજના ભવનના શીરે છે. જેમાં પાણી ગટર અને રસ્તા , સ્ટ્રીટ લાઈટ સહીતના કામો હાલ પાટનગર યોજના ભવનના વહીવટી ક્ષેત્રમાં છે. જયારે હવે શહેરના સેકટર ૧ થી ૩૦ ના આંતરિક માર્ગો તેમજ રંગમંચ અને લગ્નવાડી પણ હવે કોર્પોરેશનને સોંપવા માટે નિર્ણય લેવાયો છે. સેકટરોના રંગમંચ અન્વયે સે-૮, સે-૧૨, ૧૩, સે-૨૪ અને સે-૨૭ ના રંગમંચ પણ કોર્પોરેશનને હસ્તક કરી દેવા માટે આદેશ કરી દેવાયો છે. જેમાં હાલ સે-૧૨ અને સે- ૧૩ ના રંગમંચના રીનોવેશનનુ કામ પણ ચાલી રહ્યુ છે. આ કામગીરી પુર્ણ થયા બાદ રંગમંચ કોર્પોરેશનને સોંપી દેવાશે. આ ઉપરાંત સે-૭ સે-૨૩ અને સે-૨૮ ની લગ્નવાડી પણ કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. જેમાં સે-૨૩ લગ્નવાડીનુ પણ હાલ રીનોવેશન ચાલી રહ્યુ છે. જયારે સે-૧૬ સ્થિત ઓપન એર થિયેટર પણ હવે કોર્પોરેશનના હવાલે રહેશે. તા ૯ માર્ચના રોજ સરકારે માર્ગ મકાન વિભાગને આ મામલે આદેશ કરી દીધો છે. જયારે આગામી દિવસોમાં આ સઘળુ કોર્પોરેશનને તબદીલ કરવાની પ્રકીયા હાથ ધરાશે. સે-૧૬ સ્થિત ઓપન એર થિયેટરનુ નિર્માણ કરવામાં આવ્યા બાદ વર્ષોના અંતે પણ આ થિયેટર બિન ઉપયોગી હોવાનુ પુરવાર થયુ છે. જયારે થિયેટરની જાળવણીનો ખર્ચ પણ માથે પડે તેવી સ્થિતિ છે. ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ છેલ્લા ઘણાં સમયથી પાટનગર યોજના વિભાગ હસ્તકની પાણી ગટર અને રસ્તા સહીતની કામગીરી કોર્પોરેશનને સોંપી દેવા માટેની વાતો ચાલી રહી હતી. જયારે આ મામલે છેલ્લા ઘણાં સમયથી વિચારણા પણ હાથ ધરવામાં આવી હતી. જો કે હાલ પાણી ગટરને અનુલક્ષી સમગ્ર શહેરમાં નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે હાલ સેકટરોના આંતરિક માર્ગો તેમજ રંગમંચ અને લગ્નવાડીઓ કોર્પોરેશનને હવે સોંપી દેવા માટે સુચના આપવામાં આવી છે. આ મામલે ટુંકમાં જ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# કલોલમાં પાણીજન્ય રોગચાળાના વધુ ૨૧ કેસ નોંધાયા : વધુ ૧ લિકેજ મળ્યુ

**શહેરની ૮૦ જેટલી સોસાયટીઓમાં પેયજળનો પુરવઠો ટેન્કર દ્વારા પુરો પાડવામાં આવ્યો**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં પાણીજન્ય રોગચાળાના આજે વધુ ૨૧ કેસ નોંધાયા છે. આ સાથે પાણીજન્ય રોગચાળાના કેસોની સંખ્યા ૬૨૫ ને પાર થઈ ગઈ છે.

તંત્ર દ્વારા આજે પણ સઘન સર્વેલન્સની કામગીરી ચાલુ રાખવામાં આવી છે. ૬ઠ્ઠી માર્ચથી શરૂ થયેલા આ પાણીજન્ય રોગચાળામાં આજે પણ ૧૩ જેટલા દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જે પૈકી ૪ દર્દી ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે.

તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં આજ સુધીમાં ૨૬,૬૭૦ ક્લોરીનની ટીકડીઓ અનો આટલી જ સંખ્યામાં ઓ.આર.એસ.ના પેકેટ્સનું વિતરણ કરવામાં આવેલ છે. આજે પણ શહેરની ૮૦ જેટલી સોસાયટીઓમાં પેયજળનો પુરવઠો ટેન્કર દ્વારા પુરો પાડવામાં આવ્યો છે.

કલોલ શહેરમાં આજે પણ ન.પા.ની ટીમને વધુ એક લિકેજ મળી આવેલ છે. જેને દુરસ્ત કરવાની કામગીરી ચાલી રહી છે. બીજી તરફ નવી પાઈપલાઈન નાખવાને લઈ કરવાની થતી કામગીરીને આજે આખરી ઓપ આપી દેવામાં આવેલ છે.

આજ સુધીમાં ન.પા.ને અસરગ્રસ્ત વિસ્તારોમાં ૨૨ જેટલા લિકેજીસ મળી આવ્યા છે જે દુરસ્ત કરવામાં આવેલ છે. નવી ગટરલાઈન માટે પણ સર્વેની કામગીરી શરૂ કરવાની તૈયારીઓ પૂરી થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે.

# શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા : શહેરમાં બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે ૩ કેસ નોંધાયા છે. શહેરમાં આજે બે કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ નોંધાયેલ છે.


મળતી વિગતો પ્રમાણે કલોલમાં એક કેસ નોંધાયેલ છે. જેમાં દર્દીને શરદી જેવુ લાગતાં ટેસ્ટ કરાવતાં રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે બે કેસ નોંધાયા છે. સે. ૧ માં ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો બીજો કેસ પેથાપુરમાં નોંધાયો છે. જ્યાં ૧૮ વર્ષના યુવાનનો કેસ પોઝીટીવ આવેલ છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતારની સ્થિતિ જળવાઈ રહેતાં તંત્રની ચિંતા વધી છે. જો કે શહેર જિલ્લામાં રિકવરી રેટ ૯૪ ટકાને પાર કરી ગયો હોવાથી તંત્રને રાહત પણ છે. શહેર-જિલ્લામાં કોરોનાની ત્રીજી લ્હેર દરમ્યાન હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો રહ્યો છે.

આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

### બેસણું



મારાં ધર્મપત્ની
કુસુમબેન રસીકભાઈ પંડ્યાનું
દુખઃદ અવસાન તા.૧૬-૦૩-૨૦૨૨ને બુધવારના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૭-૦૩-૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બ્રહ્મભવન, સેકટર-૧૬, રંગમંચની સામે, ગાંધીનગર

ગં.સ્વ. ચંપાબેન શાંતિલાલ પંડ્યા
રસીકભાઈ શાંતિલાલ પંડ્યા
નિલેષ રસીકભાઈ પંડ્યા ૯૮૨૪૫ ૩૮૮૮૦
વિવેક રસીકભાઈ પંડ્યા ૯૭૨૫૪ ૩૮૮૮૦

# વેરો સ્વીકારવાની વ્યવસ્થા આખો દિવસ ગોઠવવા માંગ

**શહેરમાં પાણી ગટર વેરે વસુલાત ઝુંબેશને અનુલક્ષી સ્થાનિકોની માંગણી : આગામી ૩૧ માર્ચ સુધી વળતરનો લાભ લેવા માટે અપીલ કરવાં આવી રહી છે ત્યારે વેરો સ્વીકારવાનો સમય વધારવા માંગ**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં પાણી ગટર વેરા વસુલાત માટે હાલ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે વેરા વસુલાત માટે વિવિધ ત્રણ કેન્દ્રો પર ત્રણ કલાક સુધી વેરો સ્વીકારવામાં આવે છે. જયારે આગામી તા ૩૧ માર્ચ સુધી વેરો ચુકવી વળતરનો લાભ લેવા માટે અપીલ કરવામાં આવી રહી છે. ત્યારે તંત્ર દ્વારા વેરા વસુલાત ઝુંબેશને અનુલક્ષી આખો દિવસ વેરો સ્વીકારવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિક જોડાણકર્તાઓ દ્વારા કરવામાં આવી રહી છે. વર્ષોના અંતે પણ વેરા વસુલાત ઝુંબેશ અન્વયે ઓનલાઈન કામગીરી થઈ શકી નથી. જેના લીધે સ્થાનિકોએ રૂબરૂ વેરો ચુકવવા આવવાની ફરજ પડે છે તે મામલે પણ રોષ પ્રવર્તયો છે.

ગાંધીનગર તેમજ શહેરી વિસ્તારના ગામોમાં પાણી ગટરની સુવિધા પુરી પાડવા માટે સરકાર કરોડો રૂપિયનો ખર્ચ કરે છે. જયારે પાણી ગટરના જોડાણકર્તાઓ પાસેથી તંત્ર દ્વારા દર માર્ચ મહીનામાં વેરાની વસુલાત કરવામાં આવે છે ફેબ્રુઆરી મહીનામાં આ મામલે બીલ વિતરણના અંતે વેરો સ્વીકારવામાં આવે છે. જો કે વેરાની ચુકવણી માટે બાકીદારો નિરસતા સેવતા પ્રતિવર્ષ વેરા વસુલાત ઝુંબેશના અંતે માંડ ૪૫ ટકા જ કામગીરી થાય છે. જેના લીધે તંત્રના ચોપડે જુના બાકીદારોનો આંકડો પણ મોટો થતો જાય છે. જેમાં શહેરના સેકટરો ઉપરાંત આસપાસના ગામોમાંથી પણ વેરો ચુકવવાના મામલે નિરસતા સેવાઈ રહી છે. શહેર તેમજ ગ્રામિણ વિસ્તારમાં થઈને અંદાજિત ૨૬ હજાર જેટલા જોડાણકર્તાઓ છે. જેમની પાસેથી અંદાજિત સવા બે કરોડનો વેરો વસુલવા માટે હાલ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. માર્ચ મહીનાના અંત સુધી વેરો ચુકવવા બદલ સરકાર વળતરનો પણ લાભ આપે છે. જયારે હાલ આ વેરા વસુલાત ઝુંબેશ અન્વયે સે-૧ થી ૧૩ અને ૩ ગામો તેમજ સે-૧૪ થી ૩૦ અને ૬ ગામોને અનુલક્ષી માત્ર બે સ્થળે જ વેરો સ્વીકારવામાં આવે છે. જયારે વળતરનો લાભ પણ આગામી તા ૩૧ માર્ચ સુધી જ આપવામાં આવનાર હોવાથી આ વેરા સ્વીકારવા માટે માત્ર ૩ કલાકનો સમય જ નિયત કરાયો છે. ત્યારે વેરો સ્વીકારવાનો સમય ત્રણ કલાકના બદલે આખો દિવસ કરવામાં આવે તેવી પણ માંગણી ઉઠવા પામી છે. પાટનગર યોજના ભવનની કચેરી તેમજ સે-૩ અને સે-૨૪ ની ડ્રેનેજ ઈન્કવાયરીએ વેરો સ્વીકારવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે કેટલાક ઠેકાણે વેરાના બીલ પણ પહોંચ્યા નથી. ત્યારે બિલની રકમ સ્વીકારવા માટે સેન્ટર વધારવા અને માત્ર ત્રણ કલાક સુધી સેન્ટર ચાલુ રાખવાના બદલે આખો દિવસ બીલ સ્વીકારવામાં આવે તેવી વ્યવસ્થા કરવા પણ પ્રબળ માંગણી ઉઠવા પામી છે.

# છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનાનું એક પણ મકાન મંજૂર નથી કરાયુ

**ગાંધીનગર જિલ્લા પંચાયતમાં મંજૂર મહેકમ સામે ૮૨ જગ્યાઓ ખાલી છે : મનપામાં લઘુત્તમ વેતનધારા ભંગની ૬ ફરિયાદો મળી છે : જિલ્લામાં ૧૦૨ ઔદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા છે**

- **પડતર જમીનોને રી.ગ્રાન્ટ કરવા બાબત**

કોંગીના કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર દ્વારા ગાંધીનગર જિલ્લામાં સરકારી પડતર જમીનોને રી.ગ્રાન્ટ કરી આપવાની અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળી તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૨૦માં ૨ અને ૨૦૨૧માં ૨ અરજીઓ મળી છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સરકારી પડતર જમીનોને રી.ગ્રાન્ટ કરવા માટેની અરજીઓ મંજૂર કરવામાં આવી નથી અને રી.ગ્રાન્ટ કરવામાં આવી નથી.

- **સરદાર આવાસ યોજના**



**વિધાનસભામાં ગાંધીનગર**

- પ્રકાશ જહા

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ સરદાર આવાસ યોજનામાં મંજૂર કરેલ આવાસો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં એક પણ મકાન મંજૂર કરવામાં આવેલ નથી.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે આવાસ મંજૂર થયેલ ન હોવાથી રકમ ફાળવવામાં આવેલ નથી. સરદાર આવાસ-૨ ના નવા આવાસના બાંધકામ યુનિટ ગેસ્ટ રૂ. એક લાખની સામે રાજ્ય સરકાર દ્વારા ૪૦ હજારની સહાય આપવામાં આવે છે.

- **ગૌચરની જમીન નિયમિત કરવા બાબત**

નૌશાદ સોલંકીએ ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ અદાણી ગ્રુપ દ્વારા બનાવાવમાં આવેલ અદાણી શાંતિગ્રામ ટાઉનશીપ એસ.જી. હાઈવે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની ગૌચરની જમીન નિયમિત કરવા માટે કલેક્ટરને અરજી મળેલ છે કે કેમ ? તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લા કલેક્ટરને આ અંગે ૨૨-૪-૨૦૧૦ના રોજ અરજી મળેલ છે.

ગાંધીનગર કલેક્ટરને ગૌચર સદરની ૬૩,૧૩૨ ચો.મી. જમીન નિયમિત કરવા માટેની અરજી મળેલ છે તેમ પણ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

- **મનપામાં લઘુત્તમ વેતનધારા ભંગ**

ગાંધીનગર(ઉ)ના કોંગી સભ્ય ડૉ. સી.જે. ચાવડાએ મનપામાં લઘુત્તમ વેતનધારા ભંગની ફરિયાદો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ કૌશલ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૬ ફરિયાદો મળી છે તથા કર્મચારીઓ પાસે વધુ સમય નોકરી કરાવતી હોવાની કોઈ ફરિયાદ મળી નથી.

આ ફરિયાદો અન્વયે ત્રણ એજન્સીઓ સામે કાયદેસર કાર્યવાહી કરાઈ છે. એ.બી. એન્ટરપ્રાઈઝ મહેસાણા સામે લઘુત્તમ વેતનધારા ભંગ હેઠળ નામદાર મજૂર અદાલતમાં ૨ માર્ચ ૨૦૨૧ તથા ૩ સપ્ટે. ૨૧ના રોજ કોર્ટ કેસ દાખલ કરેલ છે. ડી.બી. એન્ટરપ્રાઈઝ મહેસાણા-૨ સામે તા. ૨-૩-૨૧ અને ૩-૯-૨૧ના રોજ કોર્ટ કેસ દાખલ કરેલ છે. ગ્રીન ગ્લોબલ સોલ્યુશન અમદાવાદ સામે ૩-૯-૨૧ના રોજ કોર્ટ કેસ દાખલ કરેલ છે.

- **સર્વિસ રોડનું સમારકામ**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે અમદાવાદ-મહેસાણા ટોલ રોડ પર કલોલ ખાતે આંબેડકરની પ્રતિમાથી સિંદબાદ હોટલ તરફના રસ્તાની બન્ને સાઈડના સર્વિસરોડ પર ભયજનક ખાડા અને ડામરની સપાટી ઉખડી જવા અંગે મળેલ ફરિયાદો અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મંત્રીએ જણાવ્યુ છે કે બે ફરિયાદો મળી છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે સરકાર કક્ષાએ આ રોડના કન્સેશનરને ફરિયાદ બાબતે જાણ કરતા કન્સેસનર દ્વારા આ સર્વિસ રોડના મરામતની કામગીરી ઓક્ટો.૨૧માં પૂર્ણ કરેલ છે.

- **જિલ્લા પંચાયતનું મહેકમ**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લા પંચાયતનું ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમને લઈ પુચેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં વર્ગ-૧ થી વર્ગ-૪ ની ૨૫૪ જગ્યાઓનું મંજૂર મહેકમ છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યું છે કે મંજૂર થયેલ આ મહેકમ સામે હાલ ૮૨ જગ્યાઓ ખાલી છે. ૧ વર્ષથી ઓછા સમયથી

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com